## 1. ઍડમ સ્મિથ અને માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા વિગતે સમજાવો.

- ઍડમ સ્મિથની અર્થશાસ્ત્રની વ્યાખ્યા : અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરનાર ઍડમ સ્મિથ હતા. તેથી ઍડમ સ્મિથ અર્થશાસ્ત્રના પિતા તરીકે જાણીતા છે. ઍડમ સ્મિથના મતે,
- 'અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્ર'. અર્થશાસ્ત્રમાં સંપત્તિનો વિશિષ્ટ અર્થ છે. જે ચીજવસ્તુમાં માનવીની જરૂરિયાતોને સંતોષવાનો ગુણ હોય, જેની અછત હોય, જેનો વિનિમય થઈ શકે એટલે કે બદલામાં અછતવાળી બીજી વસ્તુ મળી શકે તેને સંપત્તિ' કહેવાય.
- આવી ચીજવસ્તુ ભૌતિક સંપત્તિ છે, કારણ કે તે જોઈ શકીએ છીએ અને ખરીદી કે વેચી શકીએ છીએ. આવી વસ્તુઓ જેમ વધુ તેમ આર્થિક ઉન્નતિ વધુ થઈ ગણાય એવો મત રૅમડમ સ્મિથે વ્યક્ત કર્યો છે કે એડમ સ્મિથની વ્યાખ્યામાંથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે : (1) અર્થશાસ્ત્રમાં માનવીની ભૌતિક સંપત્તિ ઉપયોગી ચીજવસ્તુઓ, ઉત્પાદકીય શ્રમ વગેરે મુખ્ય છે. (2) અર્થશાસ્ત્રમાં સંપત્તિના ઉત્પાદન, વપરાશ, વિનિમય અને વહેંચણીનો અભ્યાસ કરવામાં આવે છે. એડમ સ્મિથ માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી, કરે છે તેથી તે અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો આપે છે.
- ટીકા : એડમ સ્મિથે માનવીના આર્થિક વર્તનના અભ્યાસમાં નીતિશાસ્ત્રને ધ્યાનમાં લીધું નથી અને માત્ર સંપત્તિને ધ્યાનમાં રાખી હોવાથી માનવકલ્યાણની ઉપેક્ષા કરી છે. જો કે તેણે પોતાના પુસ્તક 'Wealth of Nations'માં માનવકલ્યાણની વાત કરી જ છે.
- માર્શલની વ્યાખ્યા : પ્રો. આલ્ફ્રેડ માર્શલના મતે, 'અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે." સંપત્તિ સાધન છે, જેના ઉપયોગથી માનવકલ્યાણની એટલે કે માનવીના સંતોષ માટેની પ્રવૃત્તિઓ કરી શકાય છે. માનવી રોજિંદા વ્યવહારમાં આવક મેળવી તેને વાપરે છે. પરિણામે તે સુખાકારીનાં ભૌતિક સાધનો વસાવી શકે છે, તેમનો ઉપયોગ કરે છે અને ભૌતિક કલ્યાણ એટલે કે પોતાની સુખાકારી સાધી શકે છે.
- આમ, અર્થશાસ્ત્રને સંપૂર્ણ રીતે નહી પરંતુ આંશિક રીતે માનવીના આર્થિક કલ્યાણ સાથે નિસ્બત છે.માર્શલની વ્યાખ્યામાંથી સ્પષ્ટ થાય છે કે, અર્થશાસ્ત્રમાં માનવીના સુખનો અભ્યાસ મુખ્ય છે. તેનું પ્રાથમિક ધ્યેય માનવીની સંપત્તિ વધારવાનું છે અને તે દ્વારા ભોતિક કલ્યાણને એટલે કે સુખને પ્રાપ્ત કરવાનું છે.
- ટીકા : માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના વપરાશની જ વાત કરે છે અને અભૌતિક (ડૉક્ટર, વકીલ, શિક્ષક, સંગીતકાર વગેરેની સેવાઓ) વસ્તુઓની ઉપેક્ષા કરે છે. માર્શલ અર્થશાસ્ત્રના અભ્યાસમાં માનવકલ્યાણને કેન્દ્રસ્થાને મૂકે છે. છતાં માનવકલ્યાણને નુકસાન કરે તેવી કેટલીક ચીજો જેવી કે, માદક પીણાં, અફીણ વગેરેનો અર્થશાસ્ત્રના અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## 2. અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્ત્વ મુદાસર સમજાવો.

- અર્થશાસ્ત્રમાં આર્થિક બાબતોની રજૂઆત અને તેના અભ્યાસમાં આંકડાકીય માહિતી મહત્ત્વની બની રહે છે. તેનાં કારણો નીચે મુજબ છે :

  1. આર્થિક સિદ્ધાંતની વિશ્વસનીયતા વધારવામાં : આર્થિક સિદ્ધાંત બે આર્થિક ચલ વચ્ચેનો કાર્યકારણનો સંબંધ દર્શાવે છે. આ સિદ્ધાંત રજુ કરવા, સમજવા અને વ્યવહારમાં ચકાસવા અને તેની વિશ્વસનીયતા જાણવા આર્થિક બાબતોની આંકડાકીય માહિતી મહત્ત્વની છે. જેમ કે, કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ આંકડાકીય આધાર સાથે રજૂ થાય, તો તે સ્પષ્ટ અને આધારભૂત બને છે તેમજ વ્યવહારમાં સિદ્ધાંતની યથાર્થતા ચકાસી શકાય છે.

2. અર્થતંત્રની સ્થિતિ અને તેનાં વલણો જાણવા : અર્થતંત્રને લગતી વિવિધ આર્થિક બાબતોની આંકડાકીય માહિતીને આધારે અર્થતંત્રની સ્થિતિ અને અર્થતંત્રનાં વલણોનો પ્રકાર અને દિશા જાણી શકાય છે. જેમ કે, રાષ્ટ્રીય આવકમાં જુદાં જુદાં ક્ષેત્રો ખેતી, ઉદ્યોગ, સેવાઓનો હિસ્સો કેટલો છે, અર્થતંત્રમાં નાણાં પુરવઠાનો પ્રવાહ કેવો છે વગેરે.વલણો જાણવા સંબંધિત આર્થિક બાબતની માહિતીના આંકડાઓ ઉપયોગી છે.અર્થતંત્રમાં આર્થિક વ્યવહારો, રોજગારીની સ્થિતિ, ગરીબાઈ વગેરેની જાણકારી આંકડાકીય માહિતી દ્વારા જ મેળવી શકાય છે.

3. તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે : જુદી જુદી આર્થિક બાબતોનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે આંકડાકીય માહિતીનો ઉપયોગ મહત્ત્વનો છે. સ્થળ, સમય કે ક્ષેત્રની માહિતીની સરખામણી આંકડાઓ દ્વારા થાય છે, જેમ કે, 2001ની તુલનામાં 2015માં ઔદ્યોગિક ક્ષેત્રે દુનિયામાં આપણે ક્યાં છીએ તે જાણવા આંકડાકીય રજૂઆત અગત્યની બને છે.

4. સંક્ષિપ્ત રજુઆત માટે : વિવિધ આર્થિક બાબતોની માહિતીને સંક્ષિપ્ત રીતે તેમજ સરળ અને ઝડપથી સમજી શકાય તે સ્વરૂપે રજૂ કરવા તેમની આંકડાકીય માહિતી આકૃતિ અને આલેખ દ્વારા દર્શાવવામાં આવે છે. આકૃતિ અને આલેખ દ્વારા રજૂ થતી આંકડાકીય માહિતી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, વલણો અને તુલનાત્મક અભ્યાસની સચોટ અને સંક્ષિપ્ત રજૂઆત કરે છે.

3. અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

➢ અર્થશાસ્ત્ર આપણા રોજિંદા જીવન સાથે જોડાયેલું છે. માનવીની દરેક પ્રવૃત્તિ આર્થિક લાભ અને ગેરલાભ સાથે સંકળાયેલી છે. તેથી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ વિશેષ છે, જે નીચેની બાબતોથી સ્પષ્ટ થાય છે :

1. વ્યાવહારિક મહત્ત્વ : વ્યવહારમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ માનવીના જ્ઞાન અને વર્તનને અસર કરે છે. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ જેવી કે, ક્રૂડ ઑઇલના ભાવ, મૂડીવાદી કે સામ્યવાદી નીતિ ધરાવતા દેશોનું આર્થિક વલણ વગેરેની જાણકારી હોય, તો તેમની સાથેના આર્થિક વ્યવહારો નક્કી કરી શકાય અને સમજી પણ શકાય. ઐતિહાસિક ઘટનાઓ જેવી કે, ઈસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના,અંગ્રેજોના શાસનને કારણે રાજકીય ઊથલપાથલનું સર્જન જેના કારણે થયેલાં આર્થિક પરિવર્તનો જેવાં કે, ભાવવધારો, ઊંચા કરવેરા, અછત વગેરે અર્થશાસ્ત્રના અભ્યાસથી સમજી શકાય છે.

2. આર્થિક મહત્ત્વ : રોજબરોજની આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે, બચત અને મૂડીરોકાણ, આવક અને ખર્ચ વગેરે સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલા દેશના લોકોને પોતપોતાના આર્થિક નિર્ણયો માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે. સરકારની આર્થિક નીતિઓ સમજવામાં અને રોજબરોજના જીવન પર થતી અસરોને જાણવા અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે. દા. ત., રિઝર્વ બૅન્કના રેપારેટના ફેરફાર મુજબ આપણે બચત અને રોકાણ અંગે નિર્ણય કરીએ છીએ.

3. વ્યાવસાયિક મહત્ત્વ : અર્થશાસ્ત્ર મૂળભૂત રીતે આર્થિક નિર્ણયો કરવામાં મદદરૂપ થતું શાસ્ત્ર છે. તેથી તેનું વ્યાવસાયિક મહત્ત્વ પણ છે. આર્થિક જગતમાં માનવી ગ્રાહક, ઉત્પાદક અને શ્રમિક તરીકે કામ કરે છે. આ ત્રણેય સ્વરૂપમાં માનવીને ન્યૂનતમ ખર્ચે અધિકતમ લાભ મેળવવામાં અર્થશાસ્ત્રના સિદ્ધાંતો મદદ કરે છે.વ્યવસાય સાથે જોડાયેલી બાબતો જેવી કે, આવક અને ખર્ચ, માંગ અને પુરવઠો, વસ્તુ કે સેવાના કિંમતનિર્ધારણ, સાધનો તથા

કાચા માલના ખરીદવેચાણ, શ્રમિક કે કર્મચારીઓમાં વેતન નક્કી કરવાં વગેરે બાબતોમાં નિર્ણયો લેવા અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે.

4. પ્રો. લાર્યોનેલ રોબિન્સે આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યાને વિગતે સમજાવો.

- પ્રો. લાયોનેલ રોબિન્સના મતે, "અર્થશાસ્ત્ર એટલે અછતલક્ષી શાસ્ત્ર." અર્થશાસ્ત્રમાં અછતમાંથી ઉદ્ભવતી આર્થિક સમસ્યાનો અભ્યાસ મુખ્ય બાબત છે. કુદરતે માનવીની તમામ જરૂરિયાતો સંતોષવા માટે પુરતા સાધનો પૂરાં પાડ્યાં નથી. તેથી માનવીએ કઈ કઈ જરૂરિયાતો સંતોષવા માટે કયાં કયાં સાધનોનો ઉપયોગ કરવો તે નક્કી કરવું પડે છે.
- આ બાબતનો અભ્યાસ અછતનું અર્થશાસ્ત્ર કરે છે. રોબિન્સ અર્થશાસ્ત્રને અછતલક્ષી અર્થશાસ્ત્ર કહે છે કારણ કે, (1) જરૂરિયાતો અમર્યાદિત છે, (2) જરૂરિયાતોના સંદર્ભમાં સાધનો મર્યાદિત છે અને (3) સાધનોના વૈકલ્પિક ઉપયોગો છે. રોબિન્સની વ્યાખ્યામાંથી નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે :

  (1) માનવી મર્યાદિત સાધનો વડે પોતાની જરૂરિયાતો કેવી રીતે સંતોષે છે તેનો અભ્યાસ અર્થશાસ્ત્ર કરે છે, તેથી તે માનવવ્યવહારનું એક શાસ્ત્ર છે.

  (2) અર્થશાસ્ત્ર લોકોની જરૂરિયાતો સંતોષતી ભૌતિક (ચીજવસ્તુઓ) અને અભૌતિક(સેવાઓ)ને લગતી તમામ બાબતોનો અભ્યાસ કરે છે.

  (3) અર્થશાસ્ત્ર માનવીએ પસંદ કરેલી જરૂરિયાતો ખરાબ છે કે સારી, યોગ્ય છે કે અયોગ્ય તે નક્કી કરતું નથી.

  (4) અર્થશાસ્ત્રનો પાયાનો પ્રશ્ન પસંદગીનો છે. સાધન તથા તેના ઉપયોગ સાથે માનવીને તેના માટે મહત્ત્વની હોય તેવી જરૂરિયાત સંતોષવાનું પસંદ કરવાનું હોય છે.

  (5) અર્થશાસ્ત્ર માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. માનવી મહત્તમ સંતોષ મેળવે તે મુજબ જરૂરિયાતો વચ્ચે મર્યાદિત સાધનોની અર્થશાસ્ત્ર ફાળવણી કરે છે.

  (6) વૈકલ્પિક ઉપયોગવાળાં મર્યાદિત સાધનોનો મહત્તમ સંતોષ મળે તે મુજબ કરકસરપૂર્વક ફાળવણીના નિયમન અને વહીવટ કરવાના સિદ્ધાંતનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે. રોબિન્સે અર્થશાસ્ત્રને વાસ્તવવાદી વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે. તેમાં નૈતિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેથી તે આદર્શવાદી શાસ્ત્ર નથી.
- ટીકા : ઐબિન્સની વ્યાખ્યા ઉત્પાદન અને વહેંચણી પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.

5. 'આંકડાકીય માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવા માટે આકૃતિ અને આલેખ વધારે અનુકૂળ છે.' સમજાવો.

- આર્થિક અભ્યાસમાં આર્થિક બાબતોની આંકડાકીય માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવા આકૃતિ અને આલેખ ખૂબ મહત્ત્વના છે. અર્થશાસ્ત્રમાં ઉપયોગમાં લેવાતી આર્થિક બાબતોની ઘણી આંકડાકીય માહિતીને આકૃતિ કે આલેખ દ્વારા રજૂ કરવાથી તેને સામાન્ય માણસ ઝડપથી સમજી શકે છે અને બીજાને સમજાવી પણ શકે છે.
- જેમ કે વસ્તી,ગરીબી,બેકારી,નિરક્ષરતા વગેરેની માહિતીને આલેખ અને આકૃતિ દ્વારા જ સચોટ રીતે સંકશીપતા માં રજૂ કરી શકાય છે.જે દરેક વ્યક્તિ સરળતાથી સમજી તેનું વિશ્લેષણ કરી શકે છે. આકૃતિ કે આલેખ દ્વારા રજૂ થતી આંકડાકીય માહિતી તુલનાત્મક અભ્યાસ, વલણો અને સિદ્ધાંતની સચોટ છતાં ટૂંકમાં રજૂઆત કરે છે.
- જેમ કે ભારતમાં સ્ત્રીપુરુષના પ્રમાણની માહિતીને આલેખ કે આકૃતિ દ્વારા રજૂ કરવામાં આવે તો તેનો તુલનાત્મક અભ્યાસ સામાન્ય માણસ કરી તેનું વિશ્લેષણ પણ કરી શકે. તેજીમંડી જેવા આર્થિક વળનોની માહિતી સમજવી

મુશ્કેલ છે,પરંતુ આ માહિતીને આકૃતિ કે આલેખમાં રજૂ કરવામાં આવે તો તેને સરળતાથી સમજી શકાય છે. એટલું જ નહીં પણ તેના રસપ્રદ તારણો પણ મળી રહે છે.

- આકૃતિ અને આલેખ દ્વારા અટપટી અને લાંબી માહિતીને આકર્ષક રીતે સંક્ષિપ્તમાં રજૂ કરી શકતી હોવાથી શ્રમ,સમય અને ખર્ચની બચત કરી શકાય છે. આર્થિક અભ્યાસમાં આવતી લાંબી વર્ણનાત્મક માહિતીને સમજી શકાય તે રીતે ટૂંકમાં રજૂ કરવા આલેખ આકૃતિની પદ્ધતિ ખૂબ જ આસરકારક છે.
- આર્થિક સમસ્યાના વિશ્લેષણમાં તેમજ આર્થિક સિદ્ધાંતો સમજવા સંબંધિત આંકડાકીય માહિતીને સંક્ષિપ્તમાં દર્શાવવા આકૃતિ અને આલેખ વધારે અનુકૂળ છે.આકૃતિ કે આલેખ માહિતીની પ્રથમદર્શીય સમજૂતી આપે છે. તેથી આંકડાકીય માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવા માટે આકૃતિ અને આલેખ વધારે અનુકૂળ છે.